જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૫/૨૦૨૩ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૬૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૧૬૭ લીટર દેશી દારૂ, ૧૫૦૦ ઈંગ્લીશ દારૂ, ૨૪૯૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૫૯ બિયર ટીન, ૨ સ્કુટર, ૧ છોટા હાથી અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૦૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૬૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૮૬૫/૨૦૨૩

**ચાંદખેડાઃ** કિરણકુમાર કચરાલાલ શાહ (ઉ.વ.૬૦) (રહે. સંસ્કાર સોસાયટી ત્રાગડ ત્રણ રસ્તા પાસે ગણેશપાર્ક સોસાયટી સામે આઈ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૫/૨૦૨૩ સાંજના ૫/૦૦ થી તા.૨૯/૦૫/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૧૯,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.ચૌહાણ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** પ્રદીપસિંગ સ/ઓ સતનામસિંગ રાઠોડ (રહે. ગણેશનગર ચેહરનગર સૈજપુર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૫/૨૦૨૩ સવારના ૮/૦૦ થી થી તા.૨૯/૦૫/૨૦૨૩ સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કુબેરદાસની જૂની ચાલી ગગી મહારાજની ગલી સૈજપુર ખાતે પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**ઓઢવ**ઃ દિપકભાઇ ભાઇલાલભાઇ પારેખ (રહે. અરીહંતબાગ સોસાયટી આદિનાથનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૫/૨૦૨૩ સાંજના ૭/૦૦ થી તા.૨૮/૦૫/૨૦૨૩ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ પ્લોટ નંબર-૪૯ સરદાર પટેલ એસ્ટેટ શ્રી મુરલીધર સ્ટીલ ટ્રેડર્સ નામના ગોડાઉનના દરવાજાનું તાળું તોડી અજાણ્યા બે પુરૂષ ગોડાઉનમાં પ્રવેશ કરી એચ.આર.સીટ તથા એમ.એસ.ચેનલ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૯૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**રખિયાલ**ઃ મોહમદશાહીદખાન મોહમદશૌકતખાન પઠાણ (રહે. પંડીતજીની ચાલી મહાગુજરાત બેકરી સામે રખિયાલ) એ તા.૨૯/૦૫/૨૦૨૩ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૫/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૨૯/૦૫/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના ધાબા ઉપર લોખંડના દરવાજાની સાઇડની દિવાલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોકરમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૫૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૭,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૫૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.કે.ચાવડા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૬૬/૨૦૨૩</u>**

**એસ.જી.હાઇવે-૨ ટ્રાફીક પોલીસ સ્ટેશન**ઃ કાળીબહેન વા/ઓ ગોતાભાઇ વઢવાણા (ઉ.વ.૫૫) (રહે.સુર્યનગરના છાપરા, રેડીયો મિર્ચી રોડ, આનંદનગર) અને તેમની પુત્રી કોકીબહેન વા/ઓ પ્રવિણભાઇ સોલંકી (ઉ.વ.૩૭)(રહે.મહાકાળી મંદિર પાસે, ભરવાડ વાસની બાજુમાં, ગામ. ઢેઢાળ, તા.બાવળા, જી.અમદાવાદ) તા.૨૮/૦૫/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે એસ.જી.હાઇવે દિવ્ય ભાસ્કર સામે, ઉજાલા સર્કલ થી YMCA ક્લબ ચાર રસ્તા તરફ જતા રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે અજાણ્યા વાહનના ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા બંનેને ગંભીર ઇજાઓ થતા કાળીબહેન અને કોકીબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર કાળીબહેનના પુત્ર બળદેવભાઇ ગોતાભાઇ વઢવાણાએ એસ.જી.હાઇવે-૨ ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.બી.દેસાઈ ચલાવે છે.

**<u>સાપે ડંખ મારતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૬૭/૨૦૨૩</u>**

**સોલા હાઈકોર્ટ**ઃ ભાડજ ભારત પેટ્રોલ પંપની બાજુમા “સેવન્તા” નામની નવી બનતી સાઇટની લેબર કોલોનીમાં રહેતા અને ત્યા જ કડીયા કામ કરતા સપનાબહેન ડો/ઓ જવરસિંહ વસુનીયા (ઉ.વ.૧૯) (મુળ વતન. ગામ-જશોદા હીરજી, પોસ્ટ-કલમોડા, જી.-ઝાંબુઆ મધ્યપ્રદેશ) રહેણાંક ખાતે સુતા હતા ત્યારે તા.૦૪/૦૫/૨૦૨૩ સવારના ૫/૩૦ વાગ્યાના સુમારે હાથની કલાઇ ઉપર સાપે ડંખ મારતા સારવાર માટે તેમને સોલા સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૦૫/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૬૮/૨૦૨૩**

**રિવરફ્રંટ વેસ્ટઃ** નુરઆલમ સ/ઓ જમાલુદ્દીન હવાલી (ઉ.વ.૪૦) (રહે.મસ્તાને મસ્જીદ પાસે ફતેવાડી જુહાપુરા) તા.૨૮/૦૫/૨૦૨૩ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે વિવેકાનંદ બ્રીજ નીચે રીવરફ્રન્ટ ફ્લાવર શો નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે વાવાઝોડાના કારણે રસ્તામાં વાયર ગળાના ભાગે આવતા ઈજાઓ થતા મોટર સાયકલ ઉપરથી પડી ગયા હતા. સારવાર માટે તેમને એસ.વી.પી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતબાઇ સબુરભાઇ ચલાવે છે.

**વાડજઃ** મનોજભાઇ ધનજીભાઇ મકવાણા (ઉ.વ.૪૫) (રહે. એમ.પી.ની ચાલી જુના વાડજ) તા.૨૮/૦૫/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે વાવાઝોડાના કારણે ઝાડ મનોજભાઈ ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૧/૨૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશભાઇ મુળજીભાઇ ચલાવે છે.

**રાણીપઃ** બિનાબહેન વા/ઓ લાલજીભાઈ પંચાલ (ઉ.વ.૪૮) (રહે. ખોડલ એપાર્ટમેન્ટ માણસા પોલીસ લાઈનની બાજુમાં માણસા ટાઉન તા.માણસા જી.ગાંધીનગર) તા.૨૮/૦૫/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે સુભાષબ્રીજ સર્કલ જેલ ભજીયા હાઉસ આર.ટી.ઓ.કચેરીના ગેટ પાસે ઉભા હતા ત્યારે વરસાદના પાણીના કારણે જમીનમાથી વિજ કરંટ લાગતા બિનાબહેનને સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ખુમાનસિંહ હિમ્મતસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૬૯/૨૦૨૩**

**બાપુનગરઃ** મહેશભાઈ રમેશભાઈ ખેંગાર (ઉ.વ.૩૦) (રહે. ગુજરાત હાઉસિંગ બોર્ડ ગાયત્રી મંદિર પાછળ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૫/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમલેશકુમાર જગદિશપ્રસાદ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી